
# સાબરકાંઠા જિલ્લામાં મંત્રીપદની ખેંચતાણમાં અન્ય જિલ્લાઓને લોટરી લાગશે...!!!

## હું નહીં તો એ પણ નહીં... પડદા પાછળ શતરંજ ગોઠવાઈ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૫

રાજયના નવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નવા મંત્રીમંડળની ગુરુવારે શુભ મુર્હુતમાં શપથવિધિ થવાની છે. ૧૯ મંત્રીઓનો પ્રધાનમંડળમાં સમાવેશની શક્યતા છે પરંતુ નવામંત્રીઓની પસંદગીના ૨૪ કલાક અગાઉ સાબરકાંઠા જિલ્લામાં મંત્રીપદની ખેંચતાણમાં અન્ય જિલ્લાઓને લોટરીલાગી શકે છે હું નહીં તો એ પણ નહીં....!! નો પડદા પાછળનો શાતિર ખેલ શરૂ થવાની લોકચર્ચાઓ ભાજપના કાર્યકર્તાઓને દુઃખી કર્યા છે.

જિલ્લો પાછલા ૪ વર્ષથી પ્રધાન પદ વગરનો વાંઝીયો રહ્યો છે. અરવલ્લીમાં તમામ ૩ બેઠકો ઉપર કોંગ્રેસના ધારાસભ્યો હોવાથી



મંત્રીપદની સંભાવના પણ નથી અને સાબરકાંઠામાં ૪ પૈકી ૩ ધારાસભ્યો ભાજપાના છે. આ સંજોગોમાં હિંમતનગર - પ્રાંતિજના ધારાસભ્યોએ મંત્રીપદ માટે દાવેદારીના તમામ પ્રયાસ કર્યા છે. પ્રાંતિજના ધારાસભ્ય નસીબવંતા હોવાનું ભાજપાના કાર્યકરો માન છે. હિંમતનગરના ધારાસભ્યના લલાટે હંમેશા સંઘર્ષ લખાયેલો છે. આ સંજોગોમાં ખેંચતાણમાં પ્રધાનપદ ઈડરને નસીબ થાય તેવી ગણતરી મૂકાય છે. પરંતુ આત્મારામ પરમાર પ્રધાન પદના દાવેદાર હોવાથી ઈડરના ધારાસભ્ય માટે પ્રધાનપદ આસાન જણાતું નથી. ત્યારે પ્રાંતિજ -હિંમતનગરના ધારાસભ્યોએ નવા મુખ્યમંત્રીના પ્રધાનમંડળમાં સ્થાન મેળવવા તમામ પ્રકારનું લોબીંગ કર્યુ છે ત્યારે ખેંચતાણમાં જિલ્લાને પ્રધાનપદ મળશે કે પછી બેની લડાઈમાં અન્ય ફાવશે. આજે બપોર બાદ તેનો ખ્યાલ આવી જશે.

# પ્રાંતિજ રેલ્વે સ્ટેશન ઉપરથી પાંચ ટ્રકોની બેટરી તથા બે ટ્રકોમાંથી ડીઝલ ચોરાયુ

## બેટરી ચોર ડીઝલ ચોર અને બાઇક ચોર ગેંગ સક્રિય : પોલીસ પેટ્રોલીગ ઉપર પણ ઉઠયા સવાલો : ફેક્ટરી માલિક દ્વારા પોલીસ સ્ટેશનમા જાણ કરી : બેટરીઓ ડીઝલ સહિત કુલ-૫૫,૦૦૦ હજારની ચોરી







પ્રાંતિજ તા.૧૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સહિત તાલુકામાં એક પછી એક ઘરફોડ ચોરી સહિત વાહન ચોરી અને બેટરી ચોરી, ડીઝલ ચોર ગેંગ સક્રિય થતા તાલુકાના લોકોમા ભંયનો માહોલ. પ્રાંતિજમાં છેલ્લા કેટલાય દિવસોથી રાત્રીના સમયે બાઈક ચોરી નાની મોટી ચોરીના બનાવો અવરનવર સામે આવ્યા છે ત્યારે પ્રાંતિજના રેલવે સ્ટેશન જુની આઈસ ફેકટરી પાસે ગઈ રાત્રીએ રાત્રીના સમયે બેટરી ચોર, ડીઝલ ચોર ગેંગ દ્વારા કુદરત બીકસ એન્ડ બોલ્ડ ઈન્ડસ્ટ્રીઝ મા પાર્ક કરેલ ટ્રકો માંથી પાંચ ટ્રકો ની બેટરીઓ તથા બે ટ્રકો માંથી દોઢસો ઉપર લીટર ડીઝલ પણ ચોરી કરી અજાણ્યા ચોર ઈસમમો લઈ ગયા હતા જેમા એક બેટરીની અંદાજીત ૭૦૦૦ કિંમત એમ કુલ - ૩૫૦૦૦ હજારની બેટરી તથા અંદાજીત ૨૦,૦૦૦ હજારનુ ડીઝલ મળી કુલ-૫૫૦૦૦ હજાર ની ચોરી કરી કોઈ અજાણ્યા ઈસમો જતા રહેતા બોલ્ક ફેકટરી માલિક હેમતકુમાર નટવરલાલ પટેલ દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા જાણ કરવામા આવી હતી ત્યારે હાલ પ્રાંતિજ સહિત તાલુકામા બાઈક ચોર, બેટરી ચોર અને ડીઝલ ચોર ગેંગ સક્રિય થતા વાહન ચાલકો સહિત તાલુકાના લોકોમા ભય નો માહોલ જોવા મળી રહ્યો છે તો પ્રાંતિજ પોલીસના રાત્રીના પેટ્રોલિંગ ઉપર અનેક સવાલ ઉઠવા મામ્યા છે.

# રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાતમાં નવીન કારોબારીની રચના કરાઈ

હિંમતનગર, તા. ૧૫

રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાતની પ્રાથમિક અને માધ્યમિક શિક્ષકોના સરકાર માન્ય અલગ અલગ આઠ સંગઠનોની સંયુક્ત રાજય કારોબારી બેઠક ડો. હેડગેવાર ભવન, મણિનગર અમદાવાદ ખાતે મળી હતી સંગઠન ના બંધારણ પ્રમાણે નિયુક્ત થયેલા 'ચૂંટણી અધિકારી મોહનજી પુરોહિત' દ્વારા સમગ્ર ચૂંટણી પ્રકિયા પૂર્ણ કરી સંયુક્ત આઠ સંગઠનો ના અધ્યક્ષ અને મહામંત્રી ના નામનો પ્રસ્તાવ મુકવા જણાવતા પ્રસ્તાવ ના આધારે દરેક જીલ્લા ના પ્રસ્તાવ સમર્થન થી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ કરી બેઠક માં ઉપસ્થિત ૩૪૫ તમામ જીલ્લા ના હોદેદારો એ





સર્વાનુમતે 'અધ્યક્ષ તરીકે શ્રી ભીખાભાઇ પટેલ, પાટણ તથા મહામંત્રી તરીકે શ્રી મિતેષ ભાઈ ભટ્ટ, હિંમતનગર' ને ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા ત્યારબાદ બેઠક માં ઉપસ્થિત અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના 'અખિલ ભારતીય સંગઠન મંત્રી મહેન્દ્ર કપૂરજીએ' સંગઠન મંત્રી તરીકે ઘનશ્યામભાઈ પટેલ, અમદાવાદ તથા સહ સંગઠન મંત્રી તરીકે રતુભાઈ ગોળ, વડગામ ની વરણી કરી હતી. સાબરકાંઠામાંથી આચાર્ય સંવર્ગમાં ઉપાધ્યક્ષ તરીકે ગૌતમભાઈ ભટ્ટ, વડાલી અને શિક્ષણ પ્રકોષ્ઠમાં જે.ડી.પટેલ, આદર્શ વિદ્યાલય, હિંમતનગરની નિમણૂક કરવામાં આવી હતી, તમામ હોદેદારોને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી.

# અરવલ્લી જિલ્લામાં ભાજપ-કોંગ્રેસના આગેવાન કાર્યકરોની નજદીકીયાં ચર્ચામાં

## મોડાસા જેવા તાયફાની સંભાવના જોવાઈ !!

હિંમતનગર, તા. ૧૫

જિલ્લામાં ભાજપા-કોંગ્રેસના પુરુષ-સ્ત્રી આગેવાન કાર્યકરોની નજદીકીયાં આજકાલ ચર્ચામાં છે. લોકવાયકા તો એવી છે કે ગમેતે ઘડીએ મોડાસા જેવો ભવાડો થઈ શકે છે.

રાજકારણ ગંદુ છે... સારા માણસનું કામ નથી, આવું વર્ષોથી સાંભળવા મળે છે... મુખ્યમંત્રી અને ત્યારબાદ વડાપ્રધાન બનેલા નરેન્દ્ર મોદીની પ્રતિભાથી અનેક શિક્ષિત, સ્વચ્છ પ્રતિભા ધરાવતા લોકો રાજકારણમાં આવી રહ્યા છે. જે રાજયના ભવિષ્ય માટે સારા સંકેત છે. પરંતુ રાજકારણનું પ્લેટફોર્મ માત્ર ઐયાશી અને ઊછળકૂદ માટે ઉપયોગ કરનારાના કારણે કયારેક આખોય પક્ષ પણ બદનામ થાય છે. સારા કાર્યકરોને પણ લોકો ખરાબ નજરે જોતા હોય છે. રાજકીય પક્ષોના કાર્યકરો વોટસએપ ગ્રુપમાં બિભત્સ ફોટા વાયરલ કરવાની ઘટનાઓ અસામાન્ય રીતે વધી છે. ત્યારે કહેવાય છે કે જિલ્લામાં ભાજપા-કોંગ્રેસના આગેવાન કાર્યકરોની સ્ત્રી-પુરુષ- મિત્રની નજદીકીયાંપણાએ સૌનો સ્તબ્ધ કર્યા છે. અનેક મહિલા આગેવાનોની પ્રશંસનીય કામગીરી, પરિવાર પ્રત્યેની વફાદારી પણ નોંધનીય છે પરંતુ એકલ-દોકલ આવી ચર્ચાઓને કારણે તમામ આગેવાનો શંકાના દાયરામાં આવતા હોય છે. રાજકીય પક્ષો દ્વારા આવા આગેવાન કાર્યકરો ઉપર લગામ કસવામાં નહીં આવે તો આગામી ૨ મહિનામાં જ મોટો ધડાકો સંભવ છે.

# સરડોઈ પંથકમાં ડેન્ગ્યુના શંકાસ્પદ કેસથી ફફડાટ: એડીસ મચ્છરોનાં ઉપદ્રવ વધ્યો : સર્વેલન્સ શરૂ

સરડોઈ તા. ૧૫

મોડાસા તાલુકાના સરડોઈ પંથકમાં ડેન્ગ્યુના શંકાસ્પદ કેસ બહાર આવતા ફફડાટ વ્યાપ્યો છે. ચોમાસામાં એડીસ મચ્છરોના વધેલા ઉપદ્રવને કારણે ડેન્ગ્યુ હાવી થવાની દહેશત છે. સરડોઈ ઉપરાંત ખંભીસર સહિતના વિસ્તારોમાં શંકાસ્પદ કેસ નોંધાયા છે. જેથી આરોગ્ય વિભાગ દ્વારા સર્વેલન્સ



શરૂ કરાયું છે. ચોમાસાની સિઝનની સિઝનમાં મચ્છરજન્ગય રોગચાળો બેકાબૂ બનવા લાગ્યો છે. કોરોના સંક્રમણ ઘટતા આરોગ્ય વિભાગમાં માંડ રાહત અનુભવી છે. ત્યાં હવે ડેન્ગ્યુ, મેલેરિયાનો રોગચાળો પડકાર બની શકે છે. મોડાસા તાલુકાના સરડોઈ પંથકમાં મેઢાસણ, ખંભીસર સહિતના ગામોમાં એડિસ મચ્છરોના કારણે ડેન્ગ્યુના શંકાસ્પદ કેસ બહાર આવી રહ્યા છે. ચોમાસાની સિઝનમાં પંથકમાં પથી વધુ કેસ ખાનગી દવાખાનાઓમાં નોંધાયા છે. જેમાં ગત રોજ સરડોઈમાં વધુ એક કેસનો ઉમેરો થતાં આરોગ્ય વિભાગ દોડતું થયું છે. શંકાસ્પદ કેસને પગલે સરડોઈ આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર ડૉ.બી. એમ. ચારણની સૂચના હેઠળ આરોગ્યની સ્થાનિક ટીમ દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોમાં સર્વેની કામગીરી શરૂ કરવામાં આવી છે. આ અગાઉ પણ પંથકમાં મેલેરિયા અને ડેન્ગ્યુના કેસ નોંધાયેલા છે. જેથી આરોગ્ય વિભાગ ગામના રહેણઆંક વિસ્તારોમાં દવા છંટકાવ શરૂ કરાવે તેવી માંગ સ્થાનિકો કરી રહ્યા છે.

# બાયડ હાઈસ્કૂલમાં ગણેશ પર્વની ઉજવણી



બાયડ તા.૧૫

એન એચ શાહ શાહ હાઈસ્કુલ બાયડમાં વિધ્નહર્તા શ્રી ગણેશજીનું સ્થાપન કરવામાં આવ્યું હતું તે પ્રસંગે બાયડ કેળવણી મંડળના ચેરમેન મોતીભાઈ પટેલ સેક્રેટરી વિનુભાઈ જે પટેલ પ્રિન્સિપલ એસ કે પટેલ સુપરવાઈઝર વિનુભાઈ પટેલ મફતભાઈ શાહ શૈક્ષણિક તેમજ બિન શૈક્ષણિક સ્ટાફ તથા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો

# તક્ષશિલા વિદ્યા કેમ્પસ બાયડમાં ગણપતિ વિસર્જન



બાયડ તા.૧૫

તક્ષશિલા વિદ્યાલય બાયડ ખાતે ગણપતિ વિસર્જનનો કાર્યક્રમ યોજાયો જેમાં સરકારશ્રીના આદેશ અનુસાર પર્યાવરણને નુકસાન ના થાય તે હેતુસર ગણપતિ ની 'ઈકોફ્રેન્ડલી મૂર્તિ'નું સ્થાપન કરવામાં આવ્યું હતું આજે પાંચમા દિવસે શાળા ના મેદાન માં જ પાણીના કુંડમાં વિસર્જન કરી સમાજને પર્યાવરણનું જતન કરવાનો સંદેશ આપ્યો હતો શાળાના સેવક સુપરવાઈઝર શ્રી મુકેશભાઈ ડાભીના વરદ હસ્તે સંસ્થા ના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી અતુલસરે પુંજા વિધિ અને આરતી કરાવી ગણપતિ વિસર્જન કાર્યક્રમ સમયે જ મેઘરાજા ની પધરામણી થી સમગ્ર વાતાવરણ ઉલ્લાસમય બન્યું હતું શાળા નો સમગ્ર સ્ટાફ અને વિદ્યાર્થી ઓ હાજર રહ્યા હતા.

# ચમારપુર પ્રાથમિક શાળામાં શિક્ષક દિન ઉજવાયો



બાયડ તા.૧૫

બાયડ તાલુકા ની ચમારપુર પ્રા. શાળા માં શિક્ષક દિન આજ રોજ ઉજવાયો શાળા ના તમામ બાળકો એ ઉત્તસાહ ભેર ભાગ લીધો. શાળા પરિવારે શાળા ના તમામ બાળકો ને અલ્પા હાર આપવામોં આવ્યો. શાળા ના આચાર્ય શ્રી ભરતકુમાર લાલજીભાઈ પટેલ ભાગ લેનાર તમામ બાળકો ને અભિનંદન પાઠવ્યા

# બોભાની દિકરીને સાસરિયા વાળાઓએ મારઝૂડ કરી દહેજની માંગણી કરતા પતિ સાસુ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ

પ્રાંતિજ તા.૧૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના બોભા ની દિકરી ને તેના પતિ દ્વારા મારઝૂડ કરી પાંચ લાખ ની દહેજ ની માંગણી કરતા પતિ સાસુ મહેણા ટોણા મારી શારીરિક માનસિક ત્રાસ આપતા પ્રાંતિજ પોલીસ સ્ટેશન માં પતિ સાસુ સામે પોલીસ ફરિયાદ થઈ

**અમદાવાદ ખાતે રહેતા પતિ, સાસુ સામે પોલીસ ફરિયાદ થઇ : મારઝૂડ કરી, મહેણા ટોણા, શારીરિક માનસિક ત્રાસ આપતા પોલીસ ફરીયાદ થઈ : પ્રાંતિજ પોલીસે આઇપીસીકલમ ૪૯૮ (ક) ૩૨૩, ૫૦૪,૧૧૪ તથા દહેજ ધારા કલમ ૪ મુજબ ગુનો નોધ્યો.**

પ્રાંતિજ તાલુકાના બોભા ની દિકરી સાવિત્રીબેન મહેન્દ્ર કુમાર સોલંકી ઉ.વર્ષ ૨૧ જેના લગ્ન ૧૭।૨।૨૦૧૮ ના રોજ સમાજ ના રીતરીવાજ મુજબ થયા હતા અને લગ્ન ના થોડા સમયબાદ મહિલાનો પતિ મહેન્દ્ર કુમાર મુળજીભાઈ સોલંકી તથા સાસુ રમીલાબેન મુળજીભાઈ સોલંકી દ્વારા ફરીયાદી ને લગ્ન જીવના સમયગાળા દરમ્યાન અવારનવાર ઘર ના કામકાજ અંગે બોલાચાલી કરી શારીરિક માનસિક ત્રાસ આપી તેનો પતિ મહેન્દ્ર ભાઈ દ્વારા તારા બાપના ઘરેથી પાંચ લાખ રૂપિયા લઈ આવ તેમ કહી દહેજ ની માંગણી કરી સાવિત્રીબેન ને મા બહેન સામી ગાળો બોલી શરીરે તેમજ માથાના ભાગે મારઝૂડ કરી શારીરિક માનસિક ત્રાસ આપી સંતાન થતાં નથી તેવા મેણા-ટોણા મારી પાંચ લાખ મંગાવી લે નહી તો હુ તને રાખીશ નહીં તેમ કહી દહેજ ની માંગણી કરી હતી સાવિત્રીબેન પોતાના પિતા ના ઘરે આવી ગયા હતા અને પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા પતિ સાસુ સામે પોલીસ ફરિયાદ કરતા પ્રાંતિજ પોલીસે પતિ મહેન્દ્ર ભાઈ મુળજીભાઈ સોલંકી તથા સાસુ રમીલાબેન મુળજીભાઈ સોલંકી બન્ને હાલ રહે અમદાવાદ ગાયત્રી નગર સોસાયટી સૈજપુર બોગા મુળ રહે. ગણેશ પુરા તા.બાયડ જિ. અરવલ્લી વિરૂધ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા ફરીયાદ કરતા પ્રાંતિજ પોલીસ દ્વારા સાવિત્રીબેન ની ફરીયાદ ના આધારે પતિ સાસુ વિરૂધ્ધ આઈપીસીકલમ ૪૯૮(ક) ૩૨૩,૫૦૪ ,૧૧૪ તથા દહેજ ધારા કલમ ૪ મુજબ ગુનો નોધી આગળ ની તપાસ પ્રાંતિજ પીએસઆઇ એ.જે.ચાવડા દ્વારા હાથ ધરવામા આવી છે.

# જન્મદિને વધામણી



ભૂપેન્દ્ર એસ.પટેલ
ડેમાઈ તા. બાયડ



દિપકભાઈ બારોટ
નાયબ મામલતદાર
બાયડ



પરેશ આર.પંડ્યા
વડોદરા

**રક્તદાન મહાદાન**

# પુનાસણ દૂધ મંડળીમાં ચેરમેન પદે વરણી

ગાંભોઈ, તા.૧૫



હિંમતનગર તાલુકાના પુનાસણ ગામના પૂર્વ સરપંચ ઠાકોર સાહેબશ્રી ગુણવંતસિંહજી અમરસિંહજી સિસોદીયાની પુનાસણ દૂધ ઉત્પાદક સહકારી મંડળીમાં આગામી વર્ષ માટે સતત ચોથીવાર ચેરમેન પદે સર્વ સંમતિથી બિનહરીફ વરણી કરવામાં આવી હતી. તેમની વરણીને સૌ સભ્યોએ આવકારી અભિનંદન પાઠવ્યા હતા.



પાલ્લા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતા કોરોના વોરિયર્સની ધરો આઠમ નિમિત્તે સ્કુલના બાળકોને તિથિ ભોજન અપાયું.

# આંબલીયારા પોલીસે અપહરણના આરોપીને ઝડપ્યો

## મોરબીના મકનસરમાં છાપો મારતાં કિશોરી સાથે પકડાયો

બાયડ તા. ૧૫

બાયડ તાલુકાના આંબલીયારા પોલીસ સ્ટેશનની હદમાં કિશોરીનું અપહરણ કરી છેલ્લા ૪ મહિનાથી ફરાર આરોપી દીપક ઉર્ફે દિપલો ધનજી રાવળ (રહે. ખમિયાપુર)ને ઝડપી લેવામાં આવ્યો છે. આંબલિયારા પોલીસે મોરબીના મકનસર વિસ્તારમાં છાપો મારી ભગાડીને લઈજનાર આરોપી સાથે કિશોરી પણ મળી આવી છે. જાણવા મળ્યા મુજબ તાલુકાના ખમિયાપુર ગામનો દીપક રાવળ ગ્રામ્ય વિસ્તારની એક કિશોરીને લગ્નની લાલચ આપી ભગાડી ગયો હતો. તે અંગેની ફરિયાદ આંબલિયારા પોલીસમાં નોંધવામાં આવી



હતી. અપહરણની સાથે પોકસોનો ગુનો નોંધાયા પીએસઆઈ રૂપલબેન ડામોર અને ટીમે આ બનાવની તપાસ શરૂ કરીને અપહરણના આરોપી મોરબી વિસ્તારમાં હોવાની બાતમી મળી હતી તેથી સ્થાનિક પોલીસને બાતમી તેમજ અન્ય સર્વેલન્સના આધારે આરોપી મોરબીના મકસસરમાં કિશોરી સાથે રહેતો હોવાની માહિતી બાદ છઆપો મારવમાં આવ્યો હતો. જેમાં અપહરણનો સદર આરોપી કિશોરી સાથે ઝડપાઈ જતાં અટકાયત કરી લોકઅપમાં ધકેલવામાં આવ્યો છે.